# પાલનપુરના સલેમપુરા વિસ્તારમાં ભૂગર્ભ ગટર ઉભરાતા નગરજનો ત્રાહીમામ

## પીવાના પાણી સાથે ગટરનું પાણી ભળતા રોગચાળાની દહેશત



### સેનિટેશન વિભાગ ઘોર નિદ્રામાં

પાલનપુર પાલિકાનું સેનિટેશન વિભાગ કુંભકુર્ણની ગાઢ નિદ્રામાં પોઢી રહ્યું છે. શૌચાલયની યોજનામાં મલાઈ ભાળી ગયેલા સેનિટેશન ચેરમેનને બીજું કઈ દેખાતું ન હોવાનું ચર્ચાઈ રહ્યું છે. તેઓને જીતાડવા માટે જે ભાજપના કાર્યકરો એ કમર કસી છે. તેવોની પણ વાત તેઓ કાને ધરતા નથી. જેથી સ્થાનિક રહીશો હવે વોટ માંગવા આવેલા ભાજપના કાર્યકરોને પકડી રહ્યા છે. ત્યારે એકબાજુ ચેરમેન સાંભળતા નથી અને બીજીબાજુ સ્થાનિક રહીશો ઉભરો ઠાલવી રહ્યા છે. ત્યારે ભાજપ માટે વોટ માંગવા ગયેલા કાર્યકરોની હાલત કફોડી બની હોવાનું સામાજિક કાર્યકર મયૂરભાઈ મોદીએ જણાવ્યું હતું.

પાલનપુરના સલેમપુરા વિસ્તારમાં ભૂગર્ભ ગટર ઉભરાતા સમગ્ર વિસ્તાર ગંધાઈ ઉઠ્યો છે. વળી, આ ગટરનું પાણી પીવાના પાણી સાથે ભળતા લોકો દુષિત પાણી પી રહ્યા છે. જેને પગલે રોગચાળો ફેલાવવાની દહેશત વર્તાઈ રહી છે.

પાલનપૂરના સલેમપુરા વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી ભૂગર્ભ ગટર ઉભરાઈ જાહેર માર્ગ પર રેલાઈ રહી છે. વળી, આ મળ મૂત્ર વાળું ગટરનું પાણી રોડ પર ફરી વળતા સમગ્ર વિસ્તાર દુર્ગંધ થી ગંધાઈ ઉઠ્યો છે. તો વળી, બાજુમાં જ પીવાના પાણીનો વાલ્વ આવેલો હોઈ તેમાં ભૂગર્ભ ગટરનું પાણી ભળવાથી જાહેર આરોગ્ય પર ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. આ અંગે વારંવાર પાલિકાના સેનિટેશન ચેરમેનને રજુઆત કરવા છતાં તેઓના બહેરા કાને અથડાઈને પરત ફરતા રોષે ભરાયેલા સ્થાનિક રહીશો હવે આંદોલન કરવાનો માર્ગ અખત્યાર કરે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# મેઘરજની ઉમા વિદ્યાલયનું ગૌરવ

ગુજરાતના યુવા ખેલાડીઓને પ્રોત્સાહિત કરતી તેમજ દરેક વ્યક્તિને પોતાનુ કૌશલ્ય બતાવવાની તક આપતી રમત એટલે ખેલમહાકુંભ. જેમાં ચાલુ વર્ષે મેઘરજની જાણીતી ખાનગી પ્રાથમિક શાળા ઉમા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઉંચીકૂદ, લાંબીકૂદ, ૧૦૦મી દોડ જેવી વિવિધ રમતોમાં





ભાગ લીધેલ હતો. જેમાંથી અંડર-૧૪ ઊંચીકૂદમાં શાળાની વિદ્યાર્થીની ડેડૂણ તેજલ રમેશભાઈ છોકરીઓમાં જિલ્લામાં પ્રથમ ક્રમાંક તેમજ છોકરાઓમાં મકવાણા દિપ સંજયભાઈએ જિલ્લામાં દ્વિતિય ક્રમાંક પ્રાપ્ત કરી શાળા તેમજ તેમના પરિવારનુ ગૌરવ વધારેલ છે. આગામી આવનારા દિવસોમાં શાળાના દરેક વિદ્યાર્થીઓ અભ્યાસ તેમજ વિવિધ રમતોમાં પ્રગતિ કરે તે માટે શાળાના વ્યાયામ શિક્ષક રમેશભાઈ ડેડૂણ, કેમ્પસ ડાયરેક્ટર સત્યમકુમાર પંડ્યા તેમજ આચાર્ય હિતેશકુમાર પટેલ તેમજ તમામ સ્ટાફમિત્રો ખૂબ જ ઉત્સાહપૂર્વક તૈયારીઓ કરાવી રહ્યા છે.

# પાલનપુર હાઈવે પાસે આવેલી વૃંદાવન સોસાયટીમાં રસ્તા અંગે તકરાર

## જમીન માલિક અને સોસાયટીના રહીશો આમને-સામને

પાલનપુર શહેરના હાઈવે પર આવેલી વૃંદાવન સોસાયટીથી કોલેજ સોસાયટી થી કોલેજ સામે આવેલા હનુમાનજીના મંદિર સુધીના માર્ગ



જતા માર્ગ અંગે ગત મોડી રાત્રે તકરાર થતા પોલીસ દોડી આવી હતી.

પાલનપુરના એસ. ટી. ડિવિઝન પાસે આવેલી વૃંદાવન ને ખોદી નાખવાને લઈને ગત મોડી રાત્રે સોસાયટીના રહીશોએ હોબાળો મચાવ્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ, હોટેલ કેપલ પાછળ આવેલી વૃંદાવન સોસાયટીથી હાઈવે પર આવેલા હનુમાનજીના મંદિર સુધીનો માર્ગ ગત રાત્રે જમીન માલિક દિનેશ ભાઈ તળશીભાઈ પટેલ રહે.ગઢ વાળાએ જે.સી.બી. વડે ખોદાવી નાખ્યો હતો. જેને પગલે સોસાયટીના રહીશો અને જમીન માલિક આમને-સામને આવી જતા પોલીસ દોડી આવી હતી.

દરમિયાન, પોલીસએ દરમિયાનગીરી કરતા સમાધાન થયું હતું. જે મુજબ જમીન માલિકએ જે.સી.બી. મશીનથી રસ્તા પર કરેલા ખાડાઓ પુરાવી દેતા માંડ મામલો થાળે પડ્યો હતો. જોકે, આ મામલે સોસાયટી ના રહીશોએ અને જમીન માલિક વચ્ચે કોર્ટ કેસ ચાલતો હોવાના અહેવાલ મળ્યા છે.

# આદિવાસી સમુદાયને અન્યાય સામે ખેડબ્રહ્મામાં ઉગ્ર રજુઆત

ખેડબ્રહ્મા, તા. ૧૪

સમસ્ત આદિવાસી સમાજ ગુજરાત રાજ્યના ખેડબ્રહ્મા યુનીટ તથા જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા વિશ્વ



આદિવાસી અધિકાર દિને આદિવાસીઓને બંધારણથી મળેલ અધિકારનુ રક્ષણ તથા અન્યાયને રોકવા માટે રાજ્યપાલને ઉદ્દેશીને લખેલ આવેદનપત્ર ખેડબ્રહ્મા મામલતદારને આપવામાં આવ્યું હતું.

સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ૧૩ સપ્ટેમ્બરને વિશ્વ આદિવાસી અધિકાર દિન તરીકે ઘોષિત કરેલ છે. ત્યારે અનુસુચિત જનજાતિઓ અધિકાર માટે યુનોના આદિવાસી અધિકારોના ઘોષણાપત્રનો ભંગ તથા સંવિધાનમાં કરેલ પમી અનુસૂચિની બંધારણની જોગવાઈઓના ભંગથી મૂળ આદિવાસીઓને ભારે નુકશાન થયુ છે તેથી આદિવાસીઓને થતા અન્યાયને રોકવા તથા અધિકારોનુ રક્ષણ કરવા રાજ્યપાલને ઉદ્દેશીને લખેલ આવેદનપત્ર ખેડબ્રહ્મા મામલતદારને આપવામાં આવ્યુ હતુ. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર ચારણ-રબારી-ભરવાડ જાતિના સભ્યોને અનુસૂચિત જનજાતિના હજારો ખોટા જાતિ પ્રમાણપત્ર આપી સાચા આદિવાસીના હકો ઉપર તરાપ મારી છે. અનુસૂચિત જાતિના ખોટા જાતિના પ્રમાણપત્રો આપવા સરકારના ઠરાવ તાત્કાલિક રદ કરવા અમે આજદિન સુધીના ખોટા જાતિના પ્રમાણપત્રો રદ કરી શૈક્ષણિક યોગ્યતા અને નોકરીધંધા માટે ગેરલાયક ઠરાવવામાં આવે છે.

# ખેડબ્રહ્મા સુથાર યુવા ગૃપના હોદ્દેદારોની વરણી

ખેડબ્રહ્મા, તા. ૧૩

ખેડબ્રહ્મા સુથાર યુવા ગૃપની કારોબારીની મીટીંગ મંગળવારના રોજ વિશ્વકર્મા મંદિર શ્યામનગરમાં જયેશકુમાર અમૃતલાલ સુથાર (ચાંપલપુર)ના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં પ્રમુખ તરીકે પ્રકાશકુમાર ધુળાભાઈ સુથાર (વાસણા), ઉપપ્રમુખ તરીકે યોગેશકુમાર શંકરલાલ સુથાર (વાસણા), મંત્રી તરીકે જયંતિભાઈ નારાયણભાઈ સુથાર (નવામારવાડા), સહમંત્રી તરીકે જતીનકુમાર એ. સુથાર (ખેડબ્રહ્મા) તથા ખજાનચી તરીકે નિરવકુમાર લાભશંકર સુથાર (વાસણા)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. નવા વરાયેલા હોદ્દેદારોને વડાલી સત્તાવીસ સુથાર સમાજના પ્રમુખ પરસોત્તમદાસ નાથાલાલ સુથાર, ઉપપ્રમુખ કાન્તીલાલ ચુનીલાલ સુથાર સહીત સમાજના આગેવાનોએ બીરદાવ્યા હતા. યુવા ગૃપના પ્રમુખ-મંત્રીએ આસો સુદ ૧૨ના રોજ રાત્રે શરદોત્સવ નિમિત્તે સમાજના ગરબાનુ આયોજન શ્યામનગર વિશ્વકર્મા મંદિર ખાતે કરવાની જાહેરાત કરી હતી.

# પ્રાંતિજના મજરા પાસેથી ઈગ્લીશ દારૂ ભરેલ કાર પોલીસે ઝડપી પાડી

## ૧૫૯૦૦૦નો દારૂ તથા ૫,૦૦૦૦૦ લાખની કાર સહિત ૬,૫૯૦૦૦ મુદ્દામાલ પોલીસે પકડી પાડ્યો : કારચાલક પોલીસને જોતા કાર મુકીને ભાગી ગયો

પ્રાંતિજ, તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના



નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ મજરા ચોકડી પાસેથી વિદેશી કંપનીનો દારૂ ભરેલ કાર પોલીસે પકડી પાડી.

પ્રાંતિજના મજરા પાસે રાજસ્થાન તરફથી વિદેશી દારૂ ભરેલ આવતી સેવરોલેટ કાર નંબર- એમ.એચ.-૪૭ સી ૭૪૨૬ માં ખીચોખીચ ઈગ્લીશ દારૂ ભરીને લઇ જવાની પોલીસને અગાઉથી બાતમીના આધારે ગાંધીનગર આર.આર.સેલ તથા સ્થાનિક પોલિસને મળી હતી જેને લઈને સ્થાનિક પોલીસ તથા ગાંધીનગર આર.આર.સેલ દ્વારા વોચ ગોઠવવામાં આવી હતી. જે દરમ્યાન રાજસ્થાન તરફથી ફુલફાસ્ટ આવતી સેવરોલેટ કાર મજરા પાસે આવતાં કાર ચાલકપોલીસને જોઈ જતાં કાર મુકીને ફરાર થઈ ગયો હતો. જયારે પોલીસે કારમાં તપાસ કરતા કારમાંથી ૭૦૨ બોટલ વિદેશી કંપનીનો દારૂ જેની કિંમત- ૧૫૯૦૦૦ તથા કારની કિંમત- ૫,૦૦૦૦૦ મળી કુલ ૬,૫૯૦૦૦નો મુદામાલ પોલીસે જપ્ત કરી ભાગેલ કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ પ્રાંતિજ પી.આઈ ટીબી. રાઠોડ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# પ્રાંતિજમાં નવરાત્રી ઉત્સવની તડામાર તૈયારીઓ આરંભાઈ

## છેલ્લા પાંચ વર્ષથી એકલવ્ય ફાઉન્ડેશન ગ્રુપ નંબર લાવે છે : આ વર્ષે પણ નંબર વનની લાઇનમાં : છેલ્લાં એક મહિનાથી પ્રેકટીસ કરે છે

પ્રાંતિજ, તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લા સાત વર્ષથી એકલવ્ય ફાઉન્ડેશન દ્વારા ગરબા કલાસનું આયોજન કરવામાં આવે છે. જેમાં પ્રાંતિજ તથા આજુબાજુમાંથી વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓ ગરબા શીખવા



આવે છે અને નવલાં નવરાત્રીના નવ દિવસ ખૈલયાઓ દ્વારા ગરબાની રમઝટ બોલાવવામાં આવે છે.

યુવા હૈયા જેની આતુરતાથી રાહ જોઇ રહ્યા હોય છે તે પવિત્ર નવલાં નોરતાને આડે નવ દિવસ બાકી રહ્યાં છે. ત્યારે છેલ્લા સાત વર્ષથી એકલવ્ય ફાઉન્ડેશન પ્રાંતિજ દ્વારા ગરબા કલાસનુ આયોજન કરવામાં આવે છે. જેમાં હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ તથા દિપ્તીબેન બ્રહ્મભટ્ટ દ્વારા ગરબા રસીકોને ગરબા શીખવાડવામાં આવે છે અને ગરબા કલાસમાં નાની ઉંમરથી માંડીને મોટી ઉંમરના ગરબારસિકો ગરબા શીખવા માટે આવે છે. જયારે પ્રાંતિજ ખાતે નવરાત્રીમાં યુવાહૈયાઓ ટ્રેડીશનલ વસ્ત્રોમાં સજજ થઇ નવરાત્રી દરમ્યાન થતી કોમ્પીટીશનમાં એકલવ્ય ફાઉન્ડેશન ગરબા ગ્રુપનો છેલ્લા પાંચ વર્ષથી નંબર આવે છે જયારે આ વર્ષે પણ ગરબા સ્પર્ધામાં નંબર આવશે તેવો એકલવ્ય ગરબા ગૃપે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# મોડાસામાં પાસની મિટિંગ ઉમિયા માતાના મંદિરના હોલમાં યોજાઈ

## જય સરદાર જય પાટીદારના નારા ગૂંજ્યા : મોટી સંખ્યામાં પાટીદાર યુવાનો ઉમટ્યા

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસાના મેઘરજ રોડ પર આવેલા ઉમિયામાતાજીના મંદિરના હોલમાં રવિવારે પાસની મિટિંગ યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં પાટીદાર યુવાનો ઉમટી પડ્યા હતા અને આગામી સમયમાં હાર્દિક પટેલની સભા મોડાસામાં યોજવા માટે તૈયારીઓ હાથ ધરવામાં આવી હતી.

મોડાસાના ઉમિયામાતાના મંદિરના હોલમાં પાટીદારોને અનામત અપાવવા માટે કાર્યરત પાસની મીટીંગ અમદાવાદ અને પાસના અગ્રણી ભાવિન પટેલ અને રાહુલ દેસાઈ સાબરકાંઠાના કન્વીનર રવિ પટેલ, સહ કન્વીનર કલ્પેશ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી અને મોડાસામાં અત્યાર સુધી હાર્દિક પટેલની એક પણ મહાસભા યોજવામાં આવી નથી. આગામી ટૂંક સમયમાં મોડાસામાં હાર્દિક પટેલની અધ્યક્ષતામાં મહાસભા યોજવા અને અરવલ્લી જિલ્લામાં પાસની નવી સમિતિ રચવા માટે મોટી સંખ્યામાં પાટીદાર યુવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાસભા માટે મોડાસાના યુવા પાટીદાર અગ્રણી વિપુલ પટેલ, બાયલ-ઢાંખરોલના પ્રણવ પટેલ અને શિવપુરા કંપાના હર્ષપટેલ અને તેમની ટીમને કામગીરી સોંપવામાં આવી હતી.



### મોડાસા તાલુકા સરપંચ એસોસિએશનની સર્કિટહાઉસ ખાતે મિટિંગ યોજાઈ

બુધવારે બપોરે મોડાસાના માલપુર રોડ પર આવેલા સર્કિટહાઉસ ખાતે મોડાસા તાલુકા સરપંચ એસોશિએશનના પ્રમુખ કિરણસિંહ ભીખુસિંહ પરમારની અધ્યક્ષતા હેઠળ યોજાયી હતી. જેમાં મોડાસા તાલુકાના ૫૯ ગ્રામ પંચાયત સરપંચમાંથી ૫૧ જેટલા સરપંચ હાજર રહી ગ્રામ પંચાયતના વહીવટની ચર્ચા કરવામાં આવી હતી તેમજ ગ્રામ પંચાયતોના વહીવટમાં ફેરફાર કરવા માટે આવેલ પરિપત્રોને ધ્યાન પર લઈ સરકારમાં રજુઆત કરવા ઠરાવ કરવામાં આવ્યો હતો. સમગ્ર પ્રોગ્રામનું સંચાલન બોડી સરપંચ અમૃતસિંહ ઝાલાએ કર્યું હતું.

# હિંમતનગર ખાતે IANT ના વિદ્યાર્થીઓ દ્વારા પ્રદૂષણ અટકાવો અભિયાન સાથે રેલી યોજી

## એક કિલોમીટર સુધી પોસ્ટરો બેનરો સૂત્રોચ્ચારો સાથે રેલી યોજાઈ : પર્યાવરણ બચાવો, પ્રદૂષણ અટકાવોના વિવિધ સૂત્રો પણ રેલી દરમ્યાન યોજાયા

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ન્યાયમંદિર ખાતે યોજી હતી.

હિંમતનગરના હાર્ટ સમાન ન્યાય મંદિરથી મહેતાપુરા સુધી હતા. જયારે આજથી અગિયાર દિવસ સુધી વિવિધ કાર્યક્રમો યોજાનાર છે અને આનાથી પોતે




આવેલ IANT દ્વારા તેના વિદ્યાર્થીઓની 'GO Green' પ્રદુષણ અટકાવો રેલી યોજાઈ હતી. IANTનો સ્ટાફ સહિત ૧૦૦ થી પણ વધારે વિદ્યાર્થીઓએ પ્રદુષણ અટકાવો અભિયાન સાથે રેલી એક કિલ્લોમીટર IANTના વિદ્યાર્થીઓએ પર્યાવરણ થતું નુકશાનને ધ્યાને લઈને હાથમા પોસ્ટરો સાથે રેલી કાઢવામાં આવી હતી. જેમા IANT સ્ટાફ સહિત વિદ્યાર્થીઓ વિધાર્થીનીઓ જોડાયા અને અન્ય લોકોમાં જાગૃતિ આવે પ્રેરણા મળે તેનું પુરતું ધ્યાન રાખવામાં આવશે જેવાં સંકલ્પો IANTના વિધાર્થી દ્વારા કરવાથી આધુનિક યુગમાં દરેક માટે ખરેખર પ્રેરણારૂપ છે.

# ખેડબ્રહ્મા શહેરમાં નવા રોડમાં ખાડા પડી જતા પ્રજા માટે ભારે હાલાકી

ખેડબ્રહ્મા, તા. ૧૪

શહેરમાં વાસણા રોડ માતાજી મંદિર રોડ અર્બુદા મંદિર રોડ સીવીલ રોડ તેમજ અન્ય કેટલાક વિસ્તારોમા છેલ્લા એક વર્ષથી ઓછા સમય દરમિયાન રોડ બનાવવાદિં આવેલ. જેમા કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ થયુ છે. જેમા જીલ્લા પંચાયત મારફતે વાસણા રોડ ત્રણ મહિના પછી ટુટી ગયો ફરીથી રીપેરીંગ કામ કરી દેતા ત્રણ મહિના ફરી ટુટી જવા પામ્યો છે. તેમજ ખેડબ્રહ્મા અંબીકામાતાજી મંદિર રોડ ૧૧ માસ અગાઉ બનાવવામાં આવેલ જેમા હાલ મસમોટા ગાબડા પડેલ છે. તેમજ શહેરના અન્ય વિસ્તારોમાં રોડ ટુટી જતા પ્રજામા રોષની લાગણી વ્યક્ત કરી રહ્યા છે. વાસણારોડ પર આવેલા રામેશ્વરનગરમાં પાણી માટે પણ વલખા મારવા પડી રહ્યા છે. જે વિસ્તાર પાણીની ટાંકીને બીલકુલ નજીક છે છતા છ ફુટ ઉંડા ખાડામાં પાણી ભરવા પડે છે વારંવાર રજૂઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી.

જેમા હાલમાં નવા ગીતને લઈને ખૂબ જોર પકડી રહી છે 'સોનુ તને ખેડબ્રહ્મા શહેર નગરપાલિકા પર ભરોસો નઈ કે નઈ કે...'



### થરા પોલીસના હાથે બાઈકચોર ઝડપાયો

બનાસકાંઠા એસ.પી. નીરજ બડગુજરની સુચનાથી શિહોરી સર્કલ પીઆઈ અને તેમની ટીમ વાહનચોરો પકડવા સક્રિય હતી. દરમિયાન ચોક્કસ બાતમીને આધારે થરા પોલીસની ટીમે ચોરીના બાઈક સાથે ઊંઝાના શખ્સને પકડી પાડ્યો હતો. હાઈકોર્ટના વકીલ જિતેન્દ્રકુમાર કે. દેસાઈનું રૂ. ૫૪ હજારની કિંમતનું હોન્ડા એવિયેટર બાઈક ચોરી થઈ જવા પામ્યું હતું. આ બાઈક સાથે ગઈકાલે સાંજે ઉંઝાના પંચશીલ સોસાયટીમાં રહેતા દશરથ કાંતિ રાવળની ધરપકડ કરી થરા પોલીસે ઊંડી પુછપરછ શરૂ કરી છે.